# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-09-2025          Day: Saturday       Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય નાણાં મંત્રી-GST સુધારા:

કેન્દ્રીય નાણાં મંત્રી  નિર્મલા સીતારમણે કહ્યું છે કે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (GST)  ની નવી વ્યવસ્થા  નાગરિકોના વપરાશમાં સુધારો કરશે અને તેનાથી મૂડી ખર્ચ પર કોઈ અસર થશે નહીં. એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા શ્રીમતી સીતારમણે કહ્યું કે હવે 99 ટકા માલ અને સેવાઓ પર શૂન્ય અથવા 5 થી 18 ટકા GST  વસૂલવામાં આવશે.

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-GST:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, નવા GST સુધારાથી શૈક્ષણિક ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થશે. અમદાવાદમાં રાજ્યકક્ષાના શિક્ષક પારિતોષિક સમારોહમાં શિક્ષકોને સંબોધન કરતાં તેમણે આ મુજબ જણાવ્યુ. શ્રી પટેલે કહ્યું, આ ઐતિહાસિક સુધારામાં શિક્ષણ ક્ષેત્રનું વિશેષ ધ્યાન રખાયું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે રાજ્યના 30 શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કરાયું હતું અને પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો એનાયત કરાયા હતાં. શ્રી પટેલે શિક્ષકોને વિદ્યાર્થીઓના ખરા પથદર્શક બનવા અનુરોધ કર્યો. તેમણે ઉમેર્યું માતા-પિતા પછી શિક્ષકો જ બાળમાનસ પર ઊંડો પ્રભાવ પાડે છે.

---------------------------------------------------------------------------

## શિક્ષક દિન-૦૧-રાષ્ટ્રપતિ:

શિક્ષક દિવસ નિમિતે ગઈકાલે નવી દિલ્હીમાં  રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુ એ 66 શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકતરીકે  સન્માનીત કર્યા. આ પ્રસંગે ગુજરાતના ખેડા જિલ્લાની વાવડી પ્રાથમિક શાળાના સહાયક શિક્ષક હિરેન શર્માને પણ રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરાયા.

---------------------------------------------------------------------------------

## શિક્ષક દિન-૦૨-કચ્છ:

તા. 5 સપ્ટેમ્બર શિક્ષક દિન  નિમિતે કચ્છ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત સમારોહ જીલ્લા મથક ભુજ ખાતે મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજમાં યોજાયો હતો.

આ સમારોહમાં કુલ 21 એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા જેમાં 04 જિલ્લા કક્ષાએ તથા 17 તાલુકા કક્ષાએ એમ કુલ મળીને 21 એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા.જેમાં આચાર્યશ્રીઓ, મુખ્ય શિક્ષક, મદદનીશ શિક્ષક, સી.આર.સી., બી.આર.સી. શિક્ષકોને સન્માનવામાં આવ્યા હતા. ઉપરાંત ગુજરાત રાજ્યમાં ઉચ્ચ મેરીટ પ્રાપ્ત કચ્છ જિલ્લાના 15 જ્ઞાનસેતુ અને જ્ઞાનસાધના સ્કોલરશીપ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સર્વે મહેમાનોને શાબ્દિક આવકાર જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારી બી.એમ. વાઘેલાએ આપ્યો હતો. કચ્છ જીલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે  પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં શિક્ષકની સમાજ પ્રત્યેની  સામાજીક જવાબદારીનું મહત્વ સમજાવ્યુ હતું.આ સન્માન સમારોહમાં ધારાસભ્યો,કચ્છ જીલ્લા પંચાયત પ્રમુખ,કચ્છ જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન સહિતના અધિકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------

## હવામાન-રાજ્ય-આગાહી:

આગામી 3 દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં અતિભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના નિયામક ડો.એ.કે. દાસે જણાવ્યું હતું કે પોર્ટ પર LC 3 સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

## કચ્છ-વરસાદ:

કચ્છ જીલ્લામાં પણ સતત છેલ્લા  બે દિવસથી મેઘરાજા હાજરી પુરાવી રહ્યા છે.ગઈકાલે સાંજ પછી જીલ્લાના ભુજ,અંજાર અને ગાંધીધામ વિસ્તારમાં  વરસાદ થયો હતો.હવામાન વિભાગે  આગામી  48 કલાક સુધી જીલ્લામાં  વરસાદનું  રેડ એલર્ટ જારી કર્યું છે. દરમ્યાન ગઈકાલે મધ્ય રાત્રિના જીલ્લા મથક ભુજ તેમજ  આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટુ થવાથી  રસ્તાઓ પર પાણી વહી નીકળ્યા હતા અને નીચાણ વાળા વિસ્તારોમાં જળ ભરાવ થયો હતો.

---------------------------------------------------------------------------------

## કચ્છ-નાના યક્ષનો મેળો:

ભાદરવા માસમાં યોજાતા લોકમેળામાં મહત્વના ભુજ નજીક માધાપર પાસે નાના યક્ષના મેળાનો આજથી આરંભ થાય છે. આ મેળો ત્રણ દિવસ ચાલશે.  જોગાનુજોગ આ વખતે  નાના યક્ષ અને નખત્રાણા પાસેના મોટા યક્ષના મેળા એકજ દિવસના અંતરે યોજાઈ રહ્યા છે. મીની તરણેતર સમો મોટા યક્ષનો મેળો આવતીકાલ થી શરૂ થશે.

---------------------------------------------------------------------------------

## કચ્છ-રાપર-76માં વન મહોત્સ:

રાપર વિસ્તરણ રેન્જ અને રાપર દક્ષિણ રેન્જના સંયુક્ત ઉપક્રમે 76મા રાપર તાલુકા વન મહોત્સવની રવેચી માતાજીના મંદિર ખાતે  ઉજવણી કરવામાં આવી. રાપર વિસ્તારના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા મુખ્ય અતિથિપદે આયોજીત આ  કાર્યક્રમનું આયોજન રેન્જ ફોરેસ્ટ ઓફિસર મહીપતસિંહ ચાવડા  અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર  સતિષભાઈ જેઠાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

# હોકી-મહિલા એશિયા કપ:

ભારતીય મહિલા હોકી ટીમે ગઈકાલ મહિલા એશિયા કપ સ્પર્ધામાં થાઇલેન્ડને 11-0 થી હરાવીને પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરી. ભારત તરફથી ઉદિતા દુહાન અને બ્યુટી ડુંગ ડુંગે બે-બે ગોલ કર્યા. જ્યારે મુમતાઝ ખાન, સંગીતા કુમારી, નવનીત કૌર, લાલરેમસિયામી, થૌડમ સુમન દેવી, શર્મિલા દેવી અને રૂતાજા દાદાસો પિસાલે એક-એક ગોલ કર્યો. ભારતનો આગામી મુકાબલો આજે જાપાન સામે થશે.

---------------------------------------------------------------------------------------